**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૪ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૬ ટકા ● સાંજે ૬૬ ટકા

## આજે ગાંધીનગરમાં

### ધાર્મિક

● સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૩ દ્વારા રાત્રે ૯ થી ૧૦ દરમિયાન દિપકભાઈ જાનીના નિવાસસ્થાન આંગણ ફલેટ ૫૬૦/૩ ખાતે મહિમ્ન પાઠ અને સ્તુતિવંદના યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે નટવરલાલ આર. ત્રિવેદીના નિવાસસ્થાન ૬૯૩/૨, સે-૩-સી ખાતે શિવ રૂદ્રાભિષેક તથા મહિમ્ન પાઠ યોજાશે.

● રામધામ વાવોલ ખાતે ૩ થી ૬.૩૦ દરમિયાન દેવી ભાગવત કથા યોજાશે.

● રંગ અવધૂત પરિવાર સે-૨૮ ખાતે શંકરસિંહ વાઘેલા દ્વારા લઘુરુદ્ર યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ દ્વારા મહેશભાઈ રાવલના નિવાસસ્થાન સી-૩૪, ગ્રીનસીટી ખાતે શિવ મહિમ્ન પાઠ યોજાશે.

### સામાજીક અને સાંસ્કૃતિક

● ગાંધીનગર કેળવણી મંડળ (કોબા) દ્વારા મધુરી મનસુખલાલ વસા પ્રાથમિક શાળા હાઈસ્કૂલ કોબા ખાતે સવારે ૯.૩૦ કલાકે અટલ ટિંકરીંગ લેબનું ઉદઘાટન યોજાશે.

● સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા રાત્રે ૮.૧૫ કલાકે બૌધ્ધિક ડાયરાના સથવારે ભકિત વર્ષા કાર્યક્રમ સે-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે યોજાશે.

# શહેરમાં નાગપંચમી પર્વે ખાજા હોટ ફેવરીટ

## પાંચમ નિમિત્તે નગરમાં લગભગ એક કરોડના ખાજાનું વેચાણ થશે





ગાંધીનગર, તા.૧૯

તહેવારોનો મહિનો શ્રાવણ માસ જેમાં વિવિધ તહેવારોની ઉજવણી આપણે કરીએ છીએ. આમ તો શિવજીની પૂજા અર્ચના અને ઉપવાસ સાથેના ધાર્મિક મહત્વ સાથે શ્રાવણ જોડાયેલો છે. પરંતુ શ્રાવણ વિવિધ તહેવારો લઈને જ આવે છે. હાલમાં જ રક્ષાબંધન પર્વ ઉજવાયો, બોળચોથમાં ગાય વાછરડાંની પૂજા થઈ અને આજે નાગપાંચમના દિવસે નાગ દેવતાની પૂજા કરાશે સાથે તેમને પ્રસાદ ચઢાવાશે. જેમાં કુલેર અને ખાજા ખાસ ચઢાવાય છે. જે નિમિત્તે ગાંધીનગરમાં ખાજા બનવાની તૈયારીઓ થઈ ગઈ છે અને ખાજા વેચાણમાં છે અને લગભગ ૧ કરોડ રૂપિયાના ખાજા આજે શહેરમાં વેચાશે.

તહેવારોની હવે હારમાળા ચાલુ થઈ છે જન્માષ્ટમીને પણ હવે થોડા જ દિવસ બાકી છે તે ઉપરાંત ગઈ કાલે નગરજનો દ્વારા બોળચોથ નિમિત્તે ગાય અને વાછરડાની પૂજા કરાઈ અને આજે નાગપંચમી નિમિત્તો નાગ દેવતાની પૂજા ઘરે ઘરે થતા મંદિરોમાં થશે. નાગ દેવતાને દૂધ ચઢાવી કુલેર અને ખાજાનો પ્રસાદ ધરાવાશે. ગાંધીનગરમાં વિવિધ સ્થળોએ ખાજા વેચાણમાં છે. વિવિધ મીઠાઈની દુકાનો સાથે ઠેર ઠેર એક દિવસીય ખાજા વેચાણના સ્ટોલ પણ નગરમાં જોવા મળી રહ્યા છે.

વિવિધ પ્રકારના ખાજા જેમ કે ગળ્યા, મોળા, ખારા અન તીખા એમ ચાર જાતના ખાજા વેચાણમાં છે તેમાં પણ શુધ્ધ ઘીના તથા તેલના એમ બે ખાજા બને છે. શુધ્ધ ઘીના ગળ્યા ખાજા ૫૨૦ રૂપિયે કિલો, મોળા ખાજા ૬૦૦ રૂપિયે કિલો અને તેલના ખાજા ગળ્યા, મોળા, ખારા, મરી મસાલા વાળા અને તીખા ખાજા ૨૪૦ રૂપિયે કિલો વેચાઈ રહ્યા છે. ગળ્યું ખાવાના રસિયાઓ ખાસ શુધ્ધ ઘીના ખાજા ખાવાનો આગ્રહ રાખે છે. આમ ગાંધીનગરમાં આજે નાગપંચમી નિમિત્તે લગભગ ૧ કરોડના ખાજા વેચાશે અને શહેરીજનો તહેવાર સાથે ખાજાની મજા માણશે.

## વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૧૯

કોબા ગામ ખાતે જિલ્લા પંચાયત ગાંધીનગર તથા કોબા ગ્રામ પંચાયત તથા કલ્યાણી સાહસિક મહિલા વિકાસ સંઘ દ્વારા જળ શકિત અભિયાન તથા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલ તથા જિલ્લા ખેતીવાડી અધિકારી જાદવભાઈ, કોબા ગામના સરપંચ યોગેશભાઈ નાયી, તલાટી કમ મંત્રી સચિન પટેલ તથા ગામના વડીલો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ઉપસ્થિત દરેક દ્વારા કોબા ગામે ચાલુ વર્ષમાં ૫૦૦૦ વૃક્ષ વાવવાનો સંકલ્પ કરવામાં આવ્યો હતો.

## ઈકો ફ્રેન્ડલી મૂર્તિ બનાવવાનો વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૧૯

લાયન્સ, લાયોનેસ, લીઓ કલબ અને મહારાષ્ટ્ર સમાજ ભવન દ્વારા મહારાષ્ટ્ર સમાજ ભવન સે-૨૧ ખાતે પ્રદુષણ બચાવો અભિયાનના ભાગ રૂપે ભગવાન શ્રી ગણેશની ઈકો ફ્રેન્ડલી મૂર્તિ બનાવતા શીખવાડવાના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ૪૧ જેટલા લાયન્સ પરિવારના અને મહારાષ્ટ્ર સમાજ ભવનના સભ્યોએ ભાગ લઈ ક્રીએટીવ ગણપતિની મૂર્તિઓ બનાવી હતી. મૂર્તિ બનાવવાની તાલીમ પ્રસાદ ગોસ્વામી દ્વારા આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં લાયન્સ કલબના પ્રમુખ રાજ ગોવડા, સેક્રેટરી રશ્મીન વાઘેલા, લાયોનેસ કલબના પ્રમુખ દક્ષા જાદવ, પ્રોજેકટ ચેરમેન વર્ષાબેન ઠકકરે હાજર રહી સેવા પુરી પાડી હતી તથા લીઓ કલબના પ્રમુખ મોહિત જયસિંઘાની અને અન્ય સભ્યો સાથે ઉદગમ ટ્રસ્ટના મયુરભાઈ જોશી પણ હાજર રહ્યા હતા. આ સંપૂર્ણ કાર્યક્રમ લાયન્સ કલબના એનવાર્યમેન્ટ પ્રોજેકટ કમિટીના ચેરમેન પલ્લવીબેન ગુપ્તેની પ્રેરણા અને મદદથી શકય બન્યો હતો. અને સમાજભવનના અનુજા નાફડે અને પ્રજકતાબેન, સમીરભાઈનો વિશેષ સહયોગ રહ્યો હતો. કાર્યક્રમના અંતે સૌથી સુંદર મૂર્તિ બનાવનાર વિજેતાઓને લાયન્સ કલબ દ્વારા ઈનામોથી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.



## બહુજન ક્રાંતિ મોર્ચા દ્વારા પરિવર્તન યાત્રા યોજાઈ

ગાંધીનગર, તા.૧૯

ઈવીએમ હટાવો, દેશ બચાવો અને લોકશાહી બચાવો ને લઈને બહુજન ક્રાંતિ મોર્ચા દ્વારા કાશ્મીરથી કન્યા કુમારી સુધી રાષ્ટ્રવ્યાપી ઈવીએમના ભાંડાફોડ પરિવર્તન યાત્રા ગત તા.૨૬ જુન ૨૦૧૯ થી શરુ થઈ હતી. અને તે ૬ માસ સુધી ૧૭ રાજયમાં ફરવાની હતી. પરિવર્તન યાત્રા ગુજરાતમાં લોકસભા ૬ ની બેઠક ગાંધીનગર ખાતે તા.૧૪-૮-૧૯ ને બુધવારના રોજ સવારે ૯.૩૦ કલાકે બપોરના ૨ વાગ્યા સુધી વિવિધ સ્થળો પર ફરી હતી. જેનો પ્રારંભ પ્રેસ સર્કલ ઘ-૭ થી થયો હતો અને ડો.બાબા સાહેબ આંબેડકર ભવન સેકટર-૧૨ ખાતે પૂર્ણ થઈ હતી. ત્યારબાદ ત્યા સભા યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં ભાઈ બહેનો હાજર રહ્યા હતા. આ યાત્રામાં મોટા પ્રમાણમાં કાર, બાઈક તેમજ એકટીવા સહિતના સાધનોએ બેનર્સ, ઝંડાઓ સાથે ફરીને કલોલ તરફ પ્રયાણ કર્યુ હતું. આ યાત્રા અને સભાનું નેતૃત્વ માન્ય વામન મેશ્રામ રાષ્ટ્રીય સંયોજક બહુજન ક્રાંતિ મોરચા ન્યુ દિલ્હી એ સફળ રીતે કર્યું હતું.

## ‘બંધાવી જાને તું રાખડી...’ શ્રમજીવી દીકરીઓના સાદ પર ‘આત્મન’ના સભ્યો રક્ષાબંધને પહોંચ્યા

ગાંધીનગર, તા.૧૯

આત્મન ફાઉન્ડેશન દ્વારા સમાજસેવાના અનેક કાર્યો સમગ્ર વર્ષ દરમિયાન પ્રજ્ઞાબહેન પટેલના માર્ગદર્શન હેઠળ ચાલતા જ હોય છે. સેકટર-૧૩ના શ્રમજીવી વિસ્તારમાં રાજુભાઈના ઘર આંગણે રક્ષાબંધન છેલ્લા ૨૭ વર્ષથી ઉજવાયછે અને આ વિસ્તારના બાળકો અને એમના મા-બાપ આત્મનના સભ્યોની આતુરતા પૂર્વક રાહ જુએ છે.

આ વખતે ૧૫મી ઓગસ્ટ અને રક્ષાબંધન એક જ દિવસે હોવાથી એક દિવસ અગાઉ જ સે-૧૩ના શ્રમજીવી વિસ્તારમાં તકવંચીત બાળકો વચ્ચે રક્ષાબંધન પર્વ ઉજવાયું. નિવૃત્ત આઈએએસ વરિયા



સાહેબે રક્ષાબંધનનું મહત્વ સમજાવ્યું તો જયશ્રીબહેન ખેતિયાએ બાળકો પાસે ગીતો અને નૃત્ય કરાવ્યા. સંજય થોરાતે બાળકોને બોધવાર્તા કીધી.

સૌથી વધુ બાળકોને બહેન ભાઈએ એકબીજાને રાખડી બાંધી. રિધ્ધિ થોરાતે સૌ બાળકોને કંકુ-અક્ષત લગાડયા. બાદ સૌએ એક સાથે રાખડી બાંધીને ઉલ્લાસપૂર્વક ભાઈ બહેનનું પવિત્ર બંધનનો ચરિતાર્થ કર્યું. આ પ્રસંગે દિવ્યા વરિયા, રાજુ, કપીલાબેન માછી, શૈલેન્દ્ર સોલંકી વગેરે સભ્યોએ બાળકોને મીઠાઈ-નાસ્તો-પેન્સિલ વગેરેનું વિતરણ કર્યું.

૨૭ વર્ષથી અવિરત ઉજવાતા આ તહેવારની ત્યાંના બાળકો રાહ જુએ છે અને ખુશીથી રક્ષાબંધન ઉજવે છે. તકવંચિત અને શ્રમજીવી વિસ્તારના કાચા મકાનમાં રહેતા બાળકો માટે આત્મન ફાઉન્ડેશન હંમેશા યથાયોગ્ય મદદ પુરી પાડે છે.

## બેંકિંગ ક્ષેત્રને ‘નાગરિક કેન્દ્રિત’ કરવાના ધ્યેય સાથે બેંક ઓફ બરોડાની ‘વિચાર વિનીમય’ બેઠકનું સમાપન

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર ખાતે બેંક ઓફ બરોડાની ઝોનલ કક્ષાની ‘વિચાર વિનીમય’ બેઠક યોજાઈ હતી. તા. ૧૮ અને ૧૯ દરમિયાન યોજાયેલી આ બે દિવસીય બેઠકમાં ગાંધીનગર ઝોનની તમામ ૫૦ શાખાઓના પદાધિકારીઓની ઉપસ્થિતિમાં બરોડા એપેક્ષ એકેડેમીના હેડ અને ડીજીએમ પંકજ જાની તથા ઝોનલ હેડ મનીષ પલણે માર્ગદર્શન આપ્યું હતું.

બેંક ઓફ બરોડાની ક્ષેત્રિય કક્ષાની ‘વિચાર વિનીમય’ બેઠકમાં ભારતીય અર્થતંત્રના વિવિધ ક્ષેત્રોમાં ધિરાણ વધારવાના ઉપાયો, નવીનીકરણ માટે ટેકનોલોજીના ઉપયોગમાં વધારો, માહિતી વિશ્લેષણને સક્ષમ બનાવવા સાથે બેંકિંગ ક્ષેત્રને ‘નાગરિક કેન્દ્રિત’ કરવા પર તેમજ વરિષ્ઠ નાગરિકો, ખેડૂતો, ઉદ્યોગપતિઓ, લઘુઉદ્યોગો, ઉદ્યોગ સાહસિકો, યુવાનો, વિદ્યાર્થીઓ તથા મહિલાઓની જરૂરિયાતો અને આકાંક્ષાઓને પરિપૂર્ણ કરવા પર કેન્દ્રિત કરવા પર ધ્યાન આપવા ભાર મુકાયો હતો. આ સાથે રાષ્ટ્રીય અગ્રીમતા ક્ષેત્રો જેવા કે ૠણ આધાર અર્થતંત્રની વૃધ્ધિ માટે, ડિજીટલ પેમેન્ટ વધારવા, ઈન્ફ્રાસ્ટ્રકચર ઉદ્યોગ, ખેતી, બ્લુ ઈકોનોમી, જળશકિત, સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ, મુદ્રા લોન, શિક્ષણ લોન, સ્વચ્છ ભારત, ગ્રીન ઈકોનોમી, મહિલા સશકિતકરણ વગેરે પર બેંકની કાર્યશૈલીને વધુ અસરકારક બનાવવા સૂચનો પર ચર્ચા કરવામાં આવી હતી.

## શહેરમાં જન્માષ્ટમીની ઉજવણી માટે તૈયારીઓનો પ્રારંભ

### શહેરના લગભગ દરેક મંદિરમાં કૃષ્ણ જન્મોત્સવ ઉજવાશે : ઠેર ઠેર દહી હાંડીના કાર્યક્રમો થશે : પંચદેવ અને ધોળેશ્વર ખાતે લોકમેળા ભરાશે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરમાં આગામી તા. ૨૪મી ઓગષ્ટ શનિવારે ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવનું પર્વ જન્માષ્ટમી ઉત્સાહપૂર્વક ઉજવાશે. શહેરના મંદિરોમાં તથા ધાર્મિક સ્થળોએ જન્માષ્ટમીની ઉજવણીની તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. શહેરમાં અનેક સ્થળે દહી હાંડીના કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. શહેરના શૈક્ષણિક સંકુલોમાં પણ જન્માષ્ટમીની ઉજવણીની તૈયારીઓ ચાલી રહી છે.

આ વર્ષે ફરી એકવાર તિથી અંગે અવઢવ જેવી સ્થિતિ જોવા મળી રહી છે અને નાગપાંચમથી શરૂ થતા પર્વોમાં વચ્ચે ‘પડતર દિવસ’ ગુરુવારે છે કે શુક્રવારે તે અંગે નાગરિકોમાં અવઢવ તથા વિવિધ મતમતાંતર જોવા મળી રહ્યા છે. જો કે શહેરના સુપ્રસિધ્ધ પંચદેવ મંદિરના મહંત શ્રી ફુલશંકર શાસ્ત્રીજીએ ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યું છે કે શુક્રવારે કૃષ્ણ જયંતિ કહેવાય અને તા.૨૪મી શનિવારે દેશના વૈષ્ણવ સંપ્રદાયની માન્યતા મુજબ ‘જન્માષ્ટમી’નો તહેવાર ઉજવશે જે તિથીના હિસાબે એકદમ યોગ્ય છે. આથી ગુરુવારે સાતમ બાદ શુક્રવારે પડતર દિવસ અને શનિવારે જન્માષ્ટમી ઉજવાશે. શહેરમાં અક્ષરધામ મંદિરથી માંડીને પંચદેવ મંદિર, તમામ સ્વામિનારાયણ મંદિરો, તમામ શિવાલયો, ઝુલેલાલ મંદિર અને સે-૨૧માં શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે ‘કૃષ્ણ જન્મોત્સવ’ પરંપરાગત રીતે ઉજવાશે. શહેરમાં પંચદેવ મંદિરે અને ધોળેશ્વર મહાદેવ ખાતે લોકમેળા ભરાશે અને બરાબર રાત્રે ૧૨ના ટકોરે ભગવાન શ્રીકૃષ્ણનો જન્મોત્સવ ઉજવાશે. આ સાથે શહેરમાં અનેક ઠેકાણે સોસાયટીઓમાં પણ દહી હાંડી જેવા કાર્યક્રમો સાથે જન્માષ્ટમી ઉજવાશે.

### સૂર્યોદય સામેલ હોય તે તિથીએ જન્માષ્ટમી : શાસ્ત્રીજી

સુપ્રસિધ્ધ પંચદેવ મંદિરના મહંત ફુલશંકર શાસ્ત્રીજી સાથે તિથી અંગેની ગુંચવણ બાબતે વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે ‘વૈષ્ણવ સંપ્રદાયની માન્યતા અનુસાર ગોકુલ અષ્ટમી તે દિવસે ઉજવાય છે જે દિવસે તે તિથીમાં સૂર્યોદયનો સમય આવી જતો હોય. જયારે પણ આ રીતે એક જ તિથી બે વાર આવે ત્યારે સૂર્યોદય જેમાં સામેલ થતો હોય તે તિથી જ ગણવામાં આવે છે. આથી દેશમાં દ્વારકા, ડાકોરથી માંડીને ગોકુલ-મથુરા સુધી બધે શનિવારે જ જન્માષ્ટમી ઉજવાશે. જયારે શુક્રવારે કૃષ્ણ જયંતિ કહેવાશે’.

### રહેણાંક સોસાયટીઓમાં ‘મટકી-ફોડ’ આકર્ષણનું કેન્દ્ર

ગાંધીનગર શહેરી વિસ્તાર તથા ગુડા વિસ્તારની અને રહેણાંક સોસાયટીઓમાં જન્માષ્ટમીની ઉજવણી કરવામાં આવે છે. આ ઉજવણીમાં ‘મટકી-ફોડ’નો કાર્યક્રમ આકર્ષણનું કેન્દ્ર હોય છે જેમાં સૌસાયટીના બાળકો પૈકી એક કાનુડો બની સોસાયટીના યુવાનોની કાંધે ચઢી માખણની મટુકી ફોડે છે. અત્યારે રહેણાંક સોસાયટીઓમાં જન્માષ્ટમી પર્વની ઉજવણી માટેનું આયોજન થઈ રહ્યું છે.

## ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઓર્થોપેડીક ઓપરેશન મોકુફ રખાયા

### નવું આઈઆરટીવી મશીન આવ્યા બાદ જ ઓપરેશન થઈ શકશે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલ અનેક સમસ્યાઓથી ઘેરાયેલી જોવા મળે છે. ડોકટર્સની અછતને પગલે સારવાર માટે આવતા દર્દીઓને અમદાવાદ રીફર કરવામાં આવી રહ્યા છે. ત્યારે હવે ઓર્થોપેડીકના ઓપરેશન માટે અમદાવાદ રીફર કરવામાં આવે છે. ગાંધીનગર સિવિલમાં હાલ ઓટીમાં આઈઆરટીવી મશીન બંધ હોવાથી ઓપરેશન પાછા ઠેલાયા છે. તો કેટલાક દર્દીઓના ઓપરેશન બંધ રાખતા દર્દીઓને ભારે પરેશાની વેઠવી પડી છે. નવુ આઈઆર ટીવી વસાવવા માટે રાજયના આરોગ્ય પ્રધાન પાસે રજુઆત કરાઈ છે ત્યારે હવે ઓર્થોપેડીકના ઓપરેશન કયારે થશે તે કોઈ કહેવા તૈયાર નથી.

મળતી માહિતી મુજબ ગાંધીનગર સિવિલની નવી બિલ્ડીંગની ચોથા માળે આવેલ ઓપરેશન થિયેટર આવેલુ છે. જેમાં ઓર્થોપેડીકને લગતા તમામ નાના મોટા ઓપરેશન થાય છે. ઓપરેશન કરવા માટે આઈઆર ટીવી મહત્વનું હોય છે. ઓર્થોપેડીક ઓટીમાં ૭ વર્ષ જુનું આઈઆર ટીવી રીપેરીંગ કરીને ચલાવવામાં આવતુ હતું. ત્યારે આ આઈઆર ટીવી અનેકવાર ખરાબ થઈ ગયું હતું. જેને પગલે વારંવાર રીપેરીંગ માટે મિકેનીક બોલાવવામાં આવતા હતા. પરંતુ હવે ટીવીની આવરદા ઘટી ગઈ હોવાથી મિકેનીકે પણ આઈઆરટીવીને રીપેર કરવુ મુશ્કેલ કહ્યું છે. આઈઆરટીવીની આવરદા ૫ વર્ષની હોય છે ત્યારે આ આઈઆરટીવીને ૭ વર્ષ થઈ જતા જુનુ ખખડધજ થઈ ગયું હતું તેમ છતા તે ડચકા ખાઈને ચાલતુ હતું. પરંતુ અચાનક બંધ થઈ જતા કેટલાક દર્દીઓના ઓપરેશન અટકી પડ્યા છે તો કેટલાક દર્દીઓ રજા લઈને અમદાવાદ કે અન્ય હોસ્પિટલમાં ઓપરેશન માટે ગયા છે. ત્યારે હવે ગાંધીનગર સિવિલમાં ઓર્થોપેડીક વિભાગમાં નવું આઈઆરટીવી મશીન આવ્યા બાદ જ ઓપરેશન થઈ શકશે. જેને આ ઈન્સ્ટ્રુમેન્ટની નવીન ખરીદી માટેની ફાઈલ પણ રાજયના આરોગ્ય વિભાગમાં પડી છે તેના પર મ્હોર લાગ્યા પછી ગાંધીનગર સિવિલને નવુ આઈઆરટીવી મશીન મળશે જે દર્દીઓએ માટે લાભદાયક બની રહેશે.

## મુવી હાઉસ

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

● મિશન મંગલ
૯, ૧૦.૫૦, ૧૧.૪૫, ૧.૪૫, ૨.૪૦, ૪.૪૦, ૫.૩૫, ૭.૩૫, ૮.૩૦, ૧૦.૩૦

● બટલા હાઉસ
૯.૦૦, ૧૦.૦૦, ૨.૦૦, ૧.૦૦, ૩.૦૫, ૪.૦૫, ૬.૧૦, ૭.૧૦, ૯.૧૫, ૧૦.૧૫

● ફાસ્ટ એન્ડ ફયુરિયસ
૩-ડી હિન્દી
૧.૧૦

● ધ લાયન કિંગ
૧૦.૪૦

● સુપર-૩૦
૯.૩૦

### સિટી પલ્સ કુડાસણ

● મિશન મંગલ
૧૧.૩૦, ૧૨.૪૫, ૨.૧૫, ૪.૦૦, ૫.૦૦, ૬.૪૫, ૭.૪૫, ૧૦.૩૦

● બટલા હાઉસ
૧૦.૩૦, ૧૨.૪૫, ૧.૧૫, ૬.૪૫

● સુપર-૩૦
૬.૩૦ સાંજે

● કબિરસિંગ
૩.૧૫ બપોરે

● ચાલ જીવી લઈએ
૧૨.૩૦

● ચાસની (ગુજરાતી)
૯.૩૦

### પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧

● મિશન મંગલ
૮, ૧૦, ૧૧, ૧૨.૧૦, ૧.૦૦, ૨.૦૦, ૪.૦૦, ૫.૦૦, ૭.૦૦, ૮.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦

● બટલા હાઉસ
૯.૦૦, ૧૦.૦૦, ૧.૧૦, ૩.૧૫, ૪.૨૦, ૭.૩૦, ૯.૩૦, ૧૦.૧૪૦

● ચાસની (ગુજરાતી)
૬.૩૦ સાંજે

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬

● મિશન મંગલ
૮.૫૫, ૯.૪૫, ૧૦.૪૫, ૧૧.૩૫, ૧૨.૩૦, ૧.૩૦, ૨.૨૫, ૩.૨૫, ૪.૨૫, ૫.૨૦, ૬.૨૦, ૭.૨૦, ૮.૧૫, ૯.૧૫, ૧૦.૧૫

● બટલા હાઉસ
૯.૧૦, ૧૦.૦૦, ૧.૦૦, ૩.૦૫, ૪.૦૦, ૭.૦૦, ૯.૦૦, ૧૦.૦૦

● ચાસની (ગુજરાતી)
૧૨.૧૫

## વિસનગરા નાગર પરિવાર દ્વારા શ્રાવણ માસના કાર્યક્રમો યોજાયા

ગાંધીનગર, તા.૧૯

વિસનગરા નાગર પરિવાર દ્વારા શ્રાવણમાસ દરમિયાન યોજાતા ધાર્મિક પ્રવાસ તથા શિવ મહિમ્ન સ્ત્રોતના કાર્યક્રમો યોજાયેલ હતા. પરિવારના ઘરે દર સોમવાર, રવિવાર તથા પવિત્ર દિવસોમાં શિવ મહિમ્ન સ્ત્રોતના કાર્યક્રમ યોજાયા હતા. જેમાં પરિવારના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

પરિવાર દ્વારા ધાર્મિક પ્રવાસ હાટકેશ્વર મહાદેવ, વડનગર, વીરેશ્વર મહાદેવ, સારણેશ્વર મહાદેવ તથા પોળોના જંગલો ખાતે પ્રકૃતિ સૌંદર્યનો પ્રવાસ યોજાયેલ હતો. જેમાં પ્રવાસના ૬૦ જેટલા સભ્યો જોડાયા હતા. કમલેશભાઈ વાસુદેવભાઈ પંડયા પરિવાર, એ.ટી.પંતિ, અતુલભાઈ પંડયા તથા હિતેશભાઈ રાવલના ત્યાં શિવ મહિમ્ન સ્ત્રોતના કાર્યક્રમો સંપન્ન થયેલ છે.

## ચિરવિદાય

● સ્વ. ભટ્ટ વાસુદેવ સોમાભાઈ, ઉ.વ. ૭૪
● સ્વ. ચૌહાણ અરૂણાબેન પોપટલાલ, ઉ.વ. ૬૪
● સ્વ. મકવાણા જીવતીબેન ગલાજી, ઉ.વ. ૬૫
● સ્વ. પટેલ દિલીપકુમાર બાબુલાલ, ઉ.વ. ૫૯
● સ્વ. શર્મા બબલુભાઈ નંદકિશોર, ઉ.વ. ૫૦